
જન્મશતાબ્દી પુસ્તકમાળા

# સેવા સાધના



ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :



ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

## સેવા સાધના

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ તથા ભાઈઓ !

અંતરમાં જ્ઞાનની સ્થાપના થઈ કે નહિ તેની એક જ કસોટી છે કે મનુષ્યે વિચારોને અમલમાં મુકવાનું સાહસ કર્યું કે નહિ. મોટા ભાગના લોકો કથાવાર્તા સાંભળવાને, ગીતાપાઠ કરવાને કે રામાયણ વાંચી લેવાને ઇતિશ્રી માને છે. બસ, વાત પૂરી થઈ. એટલાંથી જ ઉદ્દેશ્ય પૂરો થઈ ગયો અને પુણ્ય મળી ગયું એમ માને છે, ખરેખર એવું નથી. એ તમામ જ્ઞાનનો આવિર્ભાવ એટલાં માટે થયો છે કે લોકો એ વિચારોને પોતાના ચરિત્રમાં ઉતારી શકે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતાનું જ્ઞાન આપ્યું ખરું, પરંતુ સાથે સાથે અર્જુનને એ પ્રમાણે કરવાનું પણ કહ્યું. ભગવાન રામચંદ્રજી માત્ર પોતાના પગ પૂજાવવા કે આરતી ઉતરાવવા માટે જ નહોતા આવ્યા, પરંતુ લોકોને એવી પ્રેરણા આપવા માટે આવ્યા હતા કે નાના માણસોએ પણ અન્યાય અને અનીતિ સામે સંઘર્ષ કરવો જોઈએ. રાવણની વિરુદ્ધ એમણે રીંછવાનરોને ભેગાં કર્યાં હતાં. હનુમાનજીમાં પણ ત્યાગ અને સેવાની વૃત્તિ પેદા કરી હતી.

જ્યારે માણસમાં ત્યાગ અને સેવાની ભાવના પેદા થઈ જાય, લોકકલ્યાણ માટે કંઈક કામ કરવાની વૃત્તિ પેદા થઈ જાય, હિંમત પેદા થઈ જાય, એક ઉમંગ પેદા થઈ જાય, તો સમજવું જોઈએ કે એણે જે કાંઈ જ્ઞાન મેળવ્યું છે તે સાર્થક થઈ ગયું. જો એવી ભાવના ના જાગે અને માણસને માત્ર સાંભળવાની ટેવ પડી જાય, આજે ગીતા, કાલે ભાગવત અને પછી રામાયણ, તો તે માત્ર એક મનોરંજન તથા વ્યસન બની જશે. વ્યસનો અનેક પ્રકારનાં હોય છે. કેટલાકને વારંવાર બીડી પીવાનું વ્યસન હોય છે, કેટલાકને પત્તાં રમવાનું વ્યસન હોય છે, કેટલાકને સિનેમાં જોવાનું વ્યસન હોય છે, તો કેટલાકને સત્સંગ સાંભળવાનું કે સત્સંગ કરવાનું વ્યસન થઈ જાય છે.

ક્યાંક બાબાજીની વાતો સાંભળી આવ્યા તો ક્યાંક પંડિતજીની ભાગવત કથા સાંભળી લીધી. આ રીતે લોકો સમય પસાર કરતા રહે છે. જો માત્ર કથા સાંભળવાની જ વાત હોય તો તેને માત્ર જ્ઞાનનું વ્યસન કહેવાશે. બીજાં વ્યસનો કરતાં તે થોડુંક સારું છે. સમય પસાર કરવા માટે જુગાર રમવો કે બીજું કાંઈક ખોટું કામ કરવું એના કરતાં તો સારું જ છે. માણસ જ્ઞાનની વાતો સાંભળે એમાં શું ખોટું છે ? પરંતુ એનું પણ કોઈ નક્કર પરિણામ મળતું નથી. જ્યારે માણસ એ વિચારોને સારી રીતે સમજે તથા જો તે કાર્ય રૂપમાં ઉતારવા યોગ્ય હોય તો તેમને પોતાના જીવનમાં ઉતારવાની હિંમત કરવી જોઈએ. એને જ આત્મબળ કહે છે.

### આત્મબળ :

આત્મબળનો અર્થ એ છે કે આપણે જે વિચારોને સાચા માનીએ છીએ તેમને જીવનમાં ઉતારવાની હિંમત કરીએ, ત્યાગ કરીએ, એ માટે પુરુષાર્થ કરીએ. એમના માર્ગમાં જો કોઈ અવરોધ આવતો હોય કે વિરોધ થતો હોય તેને સહન કરીએ. જો માણસમાં વિચારોનો જીવનમાં અમલ કરવાની શકિત પેદા થઈ જાય તો માનવું જોઈએ કે જે બીજ વાવવામાં આવ્યું હતું તેમાંથી અંકુર ફૂટવાની અને પલ્લવિત થવાની શરૂઆત થઈ ગઈ. જો બીજ વાવીએ, પણ એમાંથી અંકુર જ ના ફૂટે તો બીજ વાવવાનો શો અર્થ ? આપણે કથા સાંભળી, જ્ઞાનની વાતો સાંભળી, પુસ્તકો વાંચ્યાં, પરંતુ આપણા મનમાં એ પ્રમાણે કામ કરવાનો ઉમંગ ના જાગે તો માનવું જોઈએ કે આપણે બીજ વાવ્યું તો ખરું, પણ તે ઊગ્યું નહિ, ફૂલ્યુફળ્યું નહિ, તો પછી એનો શો મતલબ ?

આપણે સારા અને શ્રેષ્ઠ વિચારોનો, જીવનને ઊંચે લઈ જનારા વિચારોનો ફેલાવો કરવો જોઈએ. જ્ઞાનયજ્ઞના માધ્યમથી ઉચ્ચ વિચારોના મહત્વ પર ભારત મૂકવો જોઈએ. શ્રેષ્ઠ જીવન કઈ રીતે જીવી શકાય અને સમાજને સુવ્યવસ્થિત કઈ રીતે બનાવી શકાય તે લોકોને શીખવવું જોઈએ. સમાજ અર્થાત્ ભગવાન. ભગવાનની પૂજા કઈ રીતે કરી શકાય તેનું શિક્ષણ આપવા માટે જ્ઞાનયજ્ઞનું સ્વરૂપ ઘડવામાં આવ્યું હતું.જ્ઞાનયજ્ઞ બીજ વાવવા સમાન છે.

તે બીજ ઊગ્યું કે નહિ તથા આપણો પ્રયત્ન સફળ થયો કે નહિ તેની કસોટી એ છે કે માણસમાં એના વિચારોને આચરણમાં ઉતારવાનું સામર્થ્ય પેદા થયું કે નહિ એ સામર્થ્ય પેદા થવું એ જ જ્ઞાનયજ્ઞની સફળતા છે.

### સમયનો સદુપયોગ

જ્ઞાનયજ્ઞનું બીજું ચરણ રચનાત્મક કાર્યક્રમોના રૂપમાં અને સેવાસાધનાના રૂપમાં રજૂ કરવામાં આવ્યું છે. જે લોકોમાં એ વિચારો પર નિષ્ઠા પેદા થઈ છે તેઓ વિચારે છે કે ભગવાને ફક્ત મારા માટે જ ચોવીસ કલાક આપ્યા નથી. મારી જિંદગી માત્ર મારું પેટ ભરવા માટે જ નથી, હું બાળકોનો ગુલામ નથી, સમાજ માટે કંઈક કરવાની પણ મારી ફરજ છે. સમાજ માટે પણ મારે સમય કાઢવો જોઈએ. જ્ઞાનયજ્ઞ માટે એક કલાકનો સમય કાઢવાનું મેં કહ્યું હતું એ તો પહેલો પાઠ હતો. જો આપણી પાસે વધારે સમય હોય તો સમાજ માટે વધારે સમય કાઢવો જોઈએ. કમાવા માટે આઠ કલાક પૂરતા છે. એટલાંથી કુટુંબનું ગુજરાન થઈ શકે છે. વિદેશોમાં લોકો આઠ કલાક જ કામ કરે છે.

કોઈ મજૂર પાસે આઠ કલાકથી વધારે કામ લઈ શકાતું નથી કારણ કે જો માણસ વધારે કામ કરે તો તેની શારીરિક અને માનસિક સ્થિતિ બગડી જશે અને તે કોઈ કામનો નહિ રહે. જો માણસ આઠ કલાક બરાબર કામ કરે તો ઘર ચલાવવામાં કોઈ તકલીફ ના પડે. હિંદુસ્તાનનો ખેડૂત તથા મજૂર આઠ કલાક જેટલું કામ કરે છે એના કરતાં પાંચગણું કામ અમેરિકન મજૂર કરે છે. તે દિલચસ્પીથી મન દઈને કામ કરે છે. જો બરાબર સ્ફૂર્તિથી દિલ દઈને કામ કરવામાં આવે તો ડબલ કામ થાય છે. આઠ કલાક કામ કર્યા પછી આઠ કલાક સૂવા તથા નિત્યકર્મો માટે કાઢી શકીએ છીએ સૂવા માટે છ સાત કલાક પૂરતા છે. બે કલાક શૌચસ્નાન વગેરે દૈનિક કર્મો પાછળ ખર્ચાય છે. હવે ત્યાર પછી પણ બીજા આઠ કલાક બચે છે. પોતાનું કામ કરતાં કરતાં માણસ સમાજ માટે, લોકકલ્યાણ માટે ઘણું કામ કરી શકે છે.

..૫..

આ આઠ કલાક એટલાં બધા મહત્વપૂર્ણ છે કે સમાજ કલ્યાણ માટે કોઈએ નોકરી છોડવાની જરૂર નથી. બાબાજી બનવાની પણ જરૂર નથી. પોતાની રોજીરોટી કમાવાની સાથે માણસ એટલું બધું કામ કરી શકે છે કે જે એક પૂરા સમયના માણસના કામ બરાબર થાય છે.

ચાલો, આ આઠ કલાકમાંથી પણ ચાર કલાક આનંદપ્રમોદ માટે કાઢો તો પણ ચાર કલાક બચે. એ ચાર કલાક તો લોકમંગલ માટે કાઢી શકાય. એવો કોણ છે, જે ચાર કલાક ના કાઢી શકે ? લોકોને સમયનો સદુપયોગ કરતાં ક્યાં આવડે છે ? તેઓ સમયની કિંમત સમજતા નથી. ક્યારેક અમુક જગ્યાએ ગયા, ક્યારેક પડી રહ્યા, એમ આળસમાં જ લોકો પોતાનો ઘણોખરો સમય વેડફી નાખે છે.

માણસ જો સમયનો સદુપયોગ કરતાં શીખી લે, આળસરહિત  જીવન જીવે અને એકેએક મિનિટનો સદુપયોગ કરે, તો તે સોગણું વધારે કામ કરી શકે છે. મેં મારી જિંદગીમાં આટલું બધું સાહિત્ય લખ્યું, વિશાળ સંગઠન ઊભું કર્યું તથા બીજું શું નથી કર્યું ? કેટલાક લોકો એને જાદુ કહે છે, ચમત્કાર કહે છે, સિદ્ધિ કહે છે, પરંતુ હું કહું છું કે આમાં કોઈ સિદ્ધિ નથી. આમાં માત્ર એક જ સિદ્ધિ છે કે મેં સમયને સાધી લીધો છે, એકેએક મિનિટનો સદુપયોગ કર્યો છે. સંપૂર્ણ મનોયોગપૂર્વક દિલચસ્પીથી સમયનો ઉપયોગ કરવાથી થોડાક સમયમાં કેટલું ઉત્તમ કામ થઈ શકે છે એ જ આ ચમત્કાર છે. તમે પણ આ સિદ્ધાંતોનું પાલન કરશો તો ચમત્કારી બની જશો. કોઈ પણ સારી જેમ વિદ્યા પ્રાપ્ત કરી શકે છે, સાહિત્ય લખી શકે છે. આમાં કોઈના માટે કોઈ બંધન કે રોકટોક નથી.

કોઈ માણસ જો નિશ્ચય કરે કે મારે સમાજની સેવા કરવી છે તો પોતાના જીવાત્માને શુદ્ધ અને પવિત્ર બનાવવા કરતાં વધારે સારી સેવા બીજી કઈ હોઈ શકે ? સમાજ સેવા સિવાય ઈશ્વરની બીજી કોઈ સેવા હોઈ શકે નહિ. આત્મચિંતન, આત્મશોધન, આત્મનિર્માણ અને આત્મવિકાસ માટે માણસ એકાંતમાં બેસે છે, પરંતુ ઈશ્વરની ખુશામત કરવા માટે આવા આવરણો ઓઢવાનો શો મતલબ ?

..૬..

ઈશ્વર કોઈ વ્યકિત નથી. ઈશ્વર વૃત્તિ છે અને ભાવનાઓને પરિપુષ્ટ કરવા માટે માણસ વિશ્વમાનવની સેવા કરવી જ પડશે. એના સિવાય બીજી કોઈ રીત નથી.

વિશ્વમાનવની સેવા કરવા માટે પણ માણસે કોઈ કાર્યક્રમ નક્કી કરવો જોઈએ અને પોતે એ માટે કેટલો સમય ફાળવી શકે છે એ જોવું જોઈએ. જો તેની પાસે પૈસા ના હોય તો કોઈ વાંધો નહિ. માણસનો સમય અને ભાવનાઓ એટલાં કીમતી છે કે જો માણસ તેમનો સારી રીતે ઉપયોગ કરે તો સમાજ મોટે એટલું બધું કરી શકાય છે, જે કરોડો રૂપિયાની કિંમત કરતાં પણ ઘણું વધારે છે. આપણે ભણેલા ગણેલા લોકો જો ઇચ્છીએ તો આપણા ફાલતું સમયમાંથી બે કલાક કાઢીને શું રાત્રિશાળા ના ચલાવી શકીએ ? અવશ્ય ચલાવી શકીએ. આપણે આપણા નવરાશના સમયનો એ માટે સદ્ઉપયોગ કરી શકીએ છીએ.

### પ્રૌઢશાળાઓ

એક માણસ એક રાત્રિ પ્રૌઢશાળા ચલાવવા માટે સમય કાઢે. આપણી યોજનાઓની અંતર્ગત માત્ર સાક્ષરતા જ નહિ, પરંતુ સાક્ષરતાની સાથે સાથે વિચારક્રાંતિ અને જ્ઞાનયજ્ઞની પ્રવૃત્તિઓ ચાલવી જોઈએ. રાત્રિશાળાઓમાં વિચારવાની સાચી રીત શિખવાડવી જોઈએ.

આવા વિદ્યાલયો ગામડે ગામડે અને ફળિયે ફળિયે ચાલવા જોઈએ. લોકોને શિક્ષિત બનાવવા માટે, વિદ્યાવાન બનાવવા માટે આપણે ત્યાં રાત્રિશાળાઓ ખોલવાની ખૂબ જરૂર છે. દરેક જગ્યાએ રાત્રિશાળાઓ ચલાવવી જ જોઈએ.

આ પ્રૌઢશાળાઓ માધ્યમથી સાક્ષરતાનો પ્રચાર કરવો જોઈએ. સાક્ષરતાની સાથે સાથે માનવજીવનની સમસ્યાઓનું સમાધાન કરવાનો પ્રયત્ન પણ કરવો જોઈએ.

## દેવમંદિર પુસ્તકાલય

બીજી પણ એક સેવા થઈ શકે. જ્ઞાનયજ્ઞની અંતર્ગત કહેવામાં આવ્યું હતું કે આપણે દરેક જગ્યાએ એક દેવમંદિરની સ્થાપના કરવી જોઈએ. જેમાં પથ્થરની મૂર્તિઓની સ્થાપના કરવામાં આવે છે. તે દેવમંદિર નથી. જયાં જ્ઞાનની સ્થાપના કરવામાં આવે છે તે દેવમંદિર છે. ભગવાનનું સાચું મંદિર એ જ છે. જો મને પૂછવામાં આવે તો હું એક જ પ્રકારના મંદિરને સાચું મંદિર માનું છું, જેનું નામ છે પુસ્તકાલય. પુસ્તકાલય એને કહેવાય કે જેમાં ઉત્તમ પ્રકારનાં પુસ્તકો રાખવામાં આવ્યાં હોય. દુનિયાના સંત મહાત્માઓનો, ધર્મગ્રંથોનો, ભગવાનના વિચારોનો અર્ક કાઢીને જે લૅબોરેટરીમાં રાખવામાં આવ્યો છે તેનું નામ છે પુસ્તકાલય. રવીન્દ્રનાથ ટાગોર આજે નથી, પરંતુ તેમની કવિતાઓનો સંગ્રહ આજે આપણા માટે સુરક્ષિત છે. મીરાંબાઈ નથી, પણ શું તેમનાં પદો અને ભજનો આપણા માટે જીવંત નથી ? સૂરદાસથી માંડીને તુલસીદાસ અને રૈદાસથી માંડીને કબીરજી સુધી, સોક્રેટિસથી માંડીને અફલાતૂન સુધી, ઈસુ ખ્રિસ્તથી માંડીને અનેક મહાપુરુષો સુધીના મહામાનવો આ જગતમાં થઈ ગયા છે. તેમણે વિશ્વમાનવ માટે અનેક મહાન અનુદાનો આપ્યાં છે, એક એકથી ચઢિયાતું જ્ઞાન આપ્યું છે. એ તમામ જ્ઞાનને શીશીઓમાં ભરીને જયાં રાખવામાં આવે છે તે દેવમંદિરનું નામ છે પુસ્તકાલય. પુસ્તકાલયની સ્થાપના કરવી તે માનવજાતની સૌથી મોટી સેવા છે.

પુસ્તકાલયથી મોટું બીજું કોઈ મંદિર હોઈ ન શકે કારણ કે તેમાં જીવંત જ્ઞાન રાખવામાં આવે છે. જ્ઞાન માનવજાતની સૌથી મોટી સંપત્તિ છે. જે જગ્યાએ જ્ઞાન રાખેલું હોય છે ત્યાં બધા જ ઋષિઓ બેઠેલા હોય છે, મહાત્માઓ બેઠેલા હોય છે. આપણને રાત્રે બે વાગે જરૂર પડે તો પુસ્તકાલય ખોલીને પુસ્તકો વાંચી શકીએ છીએ. આપણે રવીન્દ્રનાથ ટાગોર સાથે સત્સંગ કરી શકીએ છીએ. મહાત્મા ગાંધી સાથે રાત્રે એક વાગે સત્સંગ કરવો હોય તો તેમનું પુસ્તક ખોલો અને ગાંધીજી સાથે વાત શરૂ કરી દો. ત્રણચાર કલાક સત્સંગ કરવો હોય તો કરી શકો છો.

સત્સંગની આ જરૂરિયાત પુસ્તકાલય પૂરી કરી શકે છે. બીજું કોઈ કરી શકતું નથી. આપણા અભાગી દેશની બૌદ્ધિક સમસ્યા ખૂબ ગૂંચવાયેલી છે. આથી ઘેરઘેર, મહોલ્લે મહોલ્લે અને ગામેગામ પુસ્તકાલયો ખોલવાની જરૂર છે. પુસ્તકાલય ખોલવા માટે પૈસાની જરૂર હોય તો તે માટે બધાએ ભેગાં મળીને ફાળો ઉઘરાવવો જોઈએ. જો પૈસાની જરૂર ના હોય તો પોતાના શારીરિક શ્રમનો ઉપયોગ કરવો જોઈએ. ફરતુંફરતું પુસ્તકાલય ચલાવવું જોઈએ. પુસ્તકાલયોની સ્થાપના કરવી હોય તો સૌ પ્રથમ લોકોને તેમનું મહત્વ સમજાવવું પડે. જો પહેલાં ગાયના દૂધનું મહત્વ સમજાવીએ તો લોકો ગાયની રક્ષા કરશે. એ જ રીતે જ્ઞાનનું મહત્વ અને જ્ઞાનની ઉપયોગિતા લોકોને સમજાવવી પડશે, તો જ લોકો જ્ઞાનસભર પુસ્તકો વાંચશે. પુસ્તકાલયની સ્થાપના કરીને ત્યાં એવા માણસો નિયુક્ત કરવા જોઈએ કે જે લોકોમાં જ્ઞાન પ્રત્યે આકર્ષણ પેદા કરી શકે, તેમનામાં વાંચવાની રુચિ જગાડે અને આગ્રહપૂર્વક તેમને પુસ્તકો આપે. દરેક દેશને ઉન્નત બનાવવા માટે પુસ્તકાલયોની સ્થાપના કરવી અનિવાર્ય છે. ત્યાર પછી સેવાનાં બીજાં ક્યાં માધ્યમો છે ? આજે આપણા દેશમાં વ્યાયામશાળાઓની બહુ મોટી જરૂર છે.

### સર્વોપયોગી વ્યાયામ શાળા

આજે માણસ આળસુ થઈ ગયો છે. દિવસે દિવસે તે કમજોર થતો જાય છે. હવે તો ઘરોમાં બાથરૂમ અને સંડાસ પણ અંદર જ હોય છે. માણસ જે ઓરડામાં પૂજા કરે છે એ જ ઓરડામાં પેશાબ પણ કરે છે. તે એટલો આળસુ થઈ ગયો છે કે જો તેનું ચાલે તો ખાટલામાં જ પેશાબ કરે. તે એટલો ઢીલો થઈ ગયો છે કે જો તેની આળસ આવી જ રહેશે તો થોડાક સમય પછી તેની રોટલી ખાવા માટે મશીન લગાડવું પડશે અને મશીને ચાવી આપણેલી રોટલી પેટમાં ઉતારવી પડશે. માણસ કેટલો બધો આળસુ થતો જાય છે ? આવા આળસુ માણસને પરિશ્રમી અને ઉદ્યમી બનાવવા મો વ્યાયામશાળા તરફ વાળવો પડશે, ખેલકૂદમાં રસ લેતો કરવો પડશે.

માણસને કીર્તિવાન અને મજબૂત બનાવવો પડશે. આ માટે વ્યાયામશાળાઓની સ્થાપના કરવાની તાતી જરૂર છે. વ્યાયામશાળામાં જઈને દંડ બેઠક જ કરવા જરૂરી નથી. એના સિવાય પણ બીજી અનેક કસરતો કરી શકાય છે. આસન તથા પ્રાણાયામ કરી શકાય છે. આસન તથા પ્રાણાયામ કરી શકાય, બાળકો, બાલિકાઓ તથા વૃધ્ધો માટે જુદા જુદા પ્રકારનો વ્યાયામ રાખી શકાય. લાઠીદાવ પણ શીખી શકાય. એનાથી ગુંડા જેવા લોકોને કાબૂમાં રાખી શકાશે. ગુંડા અને બદમાશોની હિંમત વધવાનું કારણ એ છે કે તેઓ માને છે કે અમારો સામનો કરનારું કોઈ નથી. દુનિયામાં હવે કોઈ બહાદુર રહ્યો નથી. ગામના બધા લોકો કાયર અને નપુંસક છે, સાવ માયકાંગલા છે. આથી ગામમાં એક  બે ગુંડા આવે છે અને આખા ગામ પર ધાક જમાવી દે છે. જો તેમને એવી ખબર પડે ેગામમાં હિંમતવાળા અને તાકાતવાન લોકો રહે છે. જો આપણે કોઈને નામ લઈશું તો બરાબર ખબર લઈ નાખશે. જો આવું થાય તો દુનિયામાંથી અડધા અપરધ અને ગુંડાગીરીને રોકી શકે છે. આજે માણસની હિંમત ખલાસ થઈ ગઈ છે, શારીરિક શકિત ખલાસ થઈ ગઈ છે, લોકો કમજોર અને આળસુ બની ગયા છે. લોકો બીમાર થતા જાય છે. તેમની કમજોરીને દૂર કરવા માટે વ્યાયામશાળાઓ ખૂબ જરૂરી છે. સ્વાસ્થ્યનું શિક્ષણ તથા રક્ષણ કરવા માટે, માણસની હિંમત અને મનોબળની વૃદ્ધિ માટે વર્ગો ચલાવી શકાય. બાળકોથી માંડીને વૃધ્ધો સુધી દરેકના માટે શિક્ષણની વ્યવસ્થા કરી શકાય. કુસ્તી તથા રમતગમતો શિખવાડી શકાય. તેમની હરીફાઈઓ પણ યોજી શકાય. એ માટે જરૂરી સાધનસામગ્રીની વ્યવસ્થા દરેક ગામમાં કરવી જોઈએ.

### વૃક્ષોના આધારે આપણું અસ્તિત્વ ટકેલું છે.

બીજી પણ એક વાત સાંભળવા મળે છે, તે છે અન્નની સમસ્યા, ખાદ્યપદાર્થોની સમસ્યા, આપણા દેશમાં દિવસે દિવસે વૃક્ષો ઓછાં થતા જાય છે. એના પરિણામે વરસાદ ઓછો થતો જાય છે. જેમ જેમ વૃક્ષો કપાતાં જશે તેમ તેમ વરસાદનું પ્રમાણ ઘટતું જશે. આ એક સામાન્ય સિદ્ધાંત છે. જેસલમેરના વિસ્તારમાં વૃક્ષો નથી.

વૃક્ષો ઓકિસજન પેદા કરે છે અને એનાથી મનુષ્યોના સ્વાસ્થ્યમાં વૃદ્ધિ થાય છે. વૃક્ષો મનુષ્યના સાથી છે. તેઓ વાદળોમાં રહેલા ભેજને ઠંડો પાડે છે તથા આકર્ષે છે. આથી વરસાદ પડે છે. આથી વધુમાંવધું વૃક્ષો વાવવાં જોઈએ.બિહારમાં હજારીબાગ જિલ્લો છે. ત્યાં એક ખેડૂત હતો. એને કોઈએ કહ્યું કે તું આંબાનો બગીચો બનાવ. એનાથી તમે ખૂબ પુણ્ય મળશે. પછી તો એણે આંબાના સો વૃક્ષો વાવ્યાં. આંબા મોટા થવા લાગ્યા. જ્યારે તે ઘટાદાર બન્યા, તેમને કેરીઓ લાગી, છોકરાં તે ખાવા લાગ્યાં અને આખા ગામને કેરીઓ મળવા લાગી, તેથી તેને ખૂબ આનંદ થયો. તેણે વિચાર્યું કે હવે મારે ત્યાં પારણું બંધાય કે ન બંધાય તેની મને કોઈ ચિંતા નથી. ખરેખર આંબાવાડિયાં ઉછેરવા તે ખૂબ મહત્વપૂર્ણ કાર્ય છે. તેના મનમાં પછી તો આંબાવાડિયાં બનાવવાની ધૂન ચડી અને તેણે આખા જિલ્લામાં આંબાવાડિયાં બનાવવાનો સંકલ્પ કર્યો. એ અભણ અને ગરીબ ખેડૂત ગામડે ગામડે જઈને લોકોને કહેવા લાગ્યો કે મેં મારા ગામમાં આંબાનો બગીચો બનાવ્યો છે. મારા ગામનાં બધાં છોકરાં ત્યાં રમે છે, આનંદ કરે છે અને કેરીઓ ખાય છે. ગામલોકોને ઉનાળાની ગરમીમાં ત્યાં ઠંડક મળે છે. તેથી તમારે પણ તમારા ગામમાં બગીચો બનાવવો જોઈએ. ગામ લોકોએ ઉત્સાહ બતાવ્યો અને આંબાવાડિયું કર્યું. પેલો ખેડૂત એમાં મદદ કરતો અને આંબાને પાણી પણ પિવડાવતો. આથી ગામ લોકોનો ઉત્સાહ વધતો. જ્યારે લોકો તેની કાળજી લેતા ત્યારે તે બીજે ગામ જતો અને ત્યાં લોકોને આંબાનો બગીચો બનાવવાની પ્રેરણા આપી મદદ કરતો. આ રીતે તેણે આખા જિલ્લામાં આંબાના એક હજાર બગીચા ઉછેર્યા. આથી તે જિલ્લાનું નામ હજારીબાગ પડી ગયું. આમ એક ગરીબ ખેડૂતે લોકોના સાથ સહકારથી આંબા ઉછેરવાનું એક આંદોલન ઉપાડયું અને લોકોને પ્રોત્સાહન આપીને એક હજાર આંબાવાડિયાં તૈયાર કરાવ્યાં હતાં અને આખા જિલ્લાને હરિયાળો બનાવી દીધો હતો.

જો માણસના મનમાં સેવાની ભાવના જાગે તો તે પેલા અભણ ખેડૂતની જેમ અદ્ભુત કામ કરી શકે છે. જયાં વૃક્ષો રોપવાની જગ્યા હોય, વેરાન ભૂમિ હોય ત્યાં વૃક્ષો ઉછેરવા જોઈએ.

જો વૃક્ષો રોપવાની જગ્યા ના હોય તો આપણાં મકાનોનાં આંગણામાં કે ધાબા પર શાકભાજીની વાડી કરી શકીએ. એનાથી આપણી ખાદ્ય સમસ્યા હળવી થશે અને પોષણયુકત આહાર મળશે. માટીનાં કૂંડા, જૂનાં માટલાં, લાકડાનાં ખોખાં વગેરેમાં પણ શાકભાજી ઉછેરી શકાય.

### ગ્રામ ઉદ્યોગ-કુટીરઉદ્યોગોની સ્થાપના

સેવાના રૂપમાં એક બીજું કામ પણ કરી શકાય. તે છે ગ્રામોદ્યોગો તથા કુટીર ઉદ્યોગોની સ્થાપના. એના દ્વારા આપણે આપણા ગામના બેકાર યુવાનો તથા માણસોને આજીવિકા આપી શકીશું. આજે આવા ગૃહઉદ્યોગો ચલાવવાની જરૂર છે અને એવી શક્યતા પણ ઘણી છે. ખિસ્સામાં પૈસા હોય તો તેનાથી દાનપુણ્ય કરી શકાય છે, હરીફરી શકાય છે, પોતાનું સ્વાસ્થ્ય સુધારી શકાય છે તે મનોરંજન પણ મેળવી શકાય છે. એનાથી મનમાં આનંદ થાય છે, પૈસાથી માણસ સ્વાવલંબી બની શકે છે. કલાત્મક દૃષ્ટિનો વિકાસ થાય છે અને માણસ હરામખોરી કરવાથી દૂર રહે છે.

### સ્વસ્થ હરીફાઈઓ

સ્પર્ધાઓ યોજીને આપણે ઘણું કામ કરી શકીએ છીએ. વક્તૃત્વ સ્પર્ધા, સંગીત સ્પર્ધા, ખેલકૂદની સ્પર્ધાઓ, બાળકોને સ્વસ્થ રાખવાની સ્પર્ધા, કોનું ઢોર તંદુરસ્ત છે અને વધારે દૂધ આપે છે વગેરે અનેક પ્રકારની સ્પર્ધાઓ રાખી શકાય. આવી સ્વસ્થ સ્પર્ધાઓથી લોકો એકબીજાની નજીક આવે છે સંમેલનો યોજી પ્રગતિનો માર્ગ શોધી શકે છે. તમાશો જોનારા ભલે જોયા કરે પણ ઘણા સારા લોકો પણ હોય છે. તેથી સારાં કાર્યો કરવા મટો સ્પર્ધાઓ યોજવી જોઈએ તથા ઈનામો આપવાં જોઈએ. લોકોમાં શ્રેષ્ઠ કાર્યો કરવાનો ઉત્સાહ જગાડવો જોઈએ કે જેથી તેઓ પોતાનો તથા સમાજનો વિકાસ કરી શકે.

## લોકસંગીતનું યુગસંગીતમાં રૂપાંતર

આ રીતે સંગીતકલાનો વિકાસ કરવો જોઈએ. આ પણ ખૂબ મહત્વનું કાર્ય છે. એનાથી લોકના અંતરને સ્પર્શી શકાય છે. દરેક ગામમાં સંગીતના જાણકાર હોય છે. એ લોકોને આજના જમાનાને અનુરૂપ ચીજો શિખવાડવી જોઈએ. વિચારકો પાસે સારા અને સાચા વિચાર નથી. સંગીતકારોને કોઈ જે શિખવાડે તે શીખી લે છે. ખાન ખાઓ, મેવા ખાઓ. આજે પાન પણ કેટલાં બધાં મોઘાં થઈ ગયાં છે ! મેવા ક્યાંથી ખાય ? પૈસા હોય તો ખાય ને ? આ રીતે મોમાથા વગરનાં ગીતો ગાતા રહે છે. ગાવાની હવસ પૂરી કરવા મટો રાધા અને કૃષ્ણનાં ગીતો ગાય છે. તેનાથી કામુકતા જ વધે છે.

એના બદલે ગાયકોને એવા વિચાર આપો કે જેથી તેઓ મનુષ્યના ચરિત્રને ઉચ્ચ બનાવે તથા લોકસેવાનો ભાવ જાગ્રત કરે એવા ગીતો ગાય. સંગીતની આવી મંડળીઓ બનાવીને તેમને નવાં નવાં ગીતો શીખવવા જોઈએ. સંગીતકારોએ ગામેગામ જઈને આવું ઉચ્ચ સંગીત લોકોને સંભળાવવું જોઈએ. લોકોમાં સંગીત, નાટક અને અભિનય પ્રત્યે રુચિ જગાડવી જોઈએ. આજે લોકો સિનેમા તરફ વળી ગયા છે. સિનેમા સિવાય બીજું કોઈ મનોરંજન રહ્યું નથી. જો આપણે ઇચ્છીએ તો મનોરંજનની સાથે સાથે શિક્ષણ મળે એવા સાંસ્કૃતિક કાર્યક્રમો કરી શકીએ.

ગામડાંઓમાં એકાંકી નાટકો ભજવી શકાય. નાની નાની નાટક મંડળીઓ બનાવી શકાય. એનાથી લોકોની કોમળ ભાવનાઓનો વિકાસ કરી શકાય છે તથા તેમનું મનોરંજન પણ કરી શકાય છે. આવું બધું સહેલાઈથી કરી શકાય છે.

## ગંદકી એક મહાશાપ

ગંદકી આપણા સમાજનો એક મોટો શાપ છે. માત્ર શાપ જ નહિ, પણ રાષ્ટ્ર માટે અપવ્યય છે. આપણા દેશમાં મળમૂત્રની બહુ મોટી સમસ્યા છે. તેમનો કોઈ ઉપયોગ થતો નથી. જાપાનમાં તેમનો સો ટકા ઉપયોગ કરવામાં આવે છે. તેમનું ખાતર બનાવવામાં આવે છે.

આથી ત્યાં ફર્ટિલાઈઝરનાં કારખાનાની કોઈ જરૂર પડતી નથી. ખાદ્યની સમસ્યા હલ થઈ શકે તેના કરતાં પણ મનુષ્યોનાં મળમૂત્ર વધારે છે કારણ કે પશુઓ કરતાં માણસોની સંખ્યા વધારે છે. ગામડાંમાં લોકો ગમે ત્યાં મળમૂત્ર કરે છે. એના કારણે ગંદકી અને દુર્ગંધ ફેલાય છે. તેમનો કોઈ ઉપયોગ થતો નથી. આથી તેનાથી કોઈ લાભ પણ થતો નથી. જો એનો ઉપયોગ કરવામાં આવે તો સોનેરી ખાતર પેદા થઈ શકે છે. જો આપણે ગામને સાફ અને સ્વચ્છ રાખીએ તો એનાથી બે ફાયદા થઈ શકે.

જયાં ત્યાં ગુંદકી ફેલાવાથી લોકોનું સ્વાસ્થ્ય બગડે છે. એક અંગ્રેજ હિંદુસ્તાનમાં આવ્યો હતો. તેણે પોતાની ડાયરીમાં લખ્યું હેતુ કે જ્યારે હું જંગલમાં ઉભો હોઉં અને મારે કોઈ ગામ જવું હોય તો જે તરફથી દુર્ગંધ આવતી હોય તે તરફ ચાલવા માંડું છું અને ગામ મળી જાય છે. આપણાં ગામડાંઓમાં મળમૂત્રનો કોઈ નિકાલ થતો નથી, આથી દુર્ગંધ ના આવે તો બીજું શું થાય ? પછી એનાથી બીમારી ફેલાય જ ને ? ગામડાંમાં ગંદકીના હોય તો બીજું શું હોય ? લોકો ગંદકીથી ટેવાઈ જાય છે. આપણા ગ્રામીણ જીવનમાં ગંદકી સર્વવ્યાપી બની ગઈ છે, લોકોને કોઠે પડી ગઈ છે. ત્યાં ઉંદરો પણ રહે છે અને લોકો પણ રહે છે. બાળકો પણ ગંદકી કરતાં રહે છે. આ ગંદકી સામે આપણે એક આંદોલન શરૂ કરવું જોઈએ.

સભ્યતાની શરૂઆત સફાઈથી જાય છે. જે માણસ સ્વચ્છ કપડાં ના પહેરે તે સમય નથી. જેનું મન સાફ નથી તે પણ સભ્ય નથી. પુસ્તકો યોગ્ય સ્થાનમાં રાખવામાં ના આવતાં હોય, ચંપલ તથા બીજી વસ્તુઓ વ્યવસ્થિત મૂકવામાં ના આવતી હોય, વાસણો સ્વચ્છ રાખવામાં ના આવતાં હોય તો એવા લોકો સભ્ય નથી. એમણે સભ્યતાના શિક્ષણની શરૂઆત સફાઈથી કરવી જોઈએ. ગામમાં પણ એવી વ્યવસ્થા કરવી જોઈએ, સ્વયંસેવકોની ભરતી કરવી જોઈએ અને એક એવું આંદોલન ચલાવવું જોઈએ કે માત્ર પોતાના ઘરની નજર નહિ, પરંતુ આસપાસના વિસ્તારની તથા ગામની સફાઈ એકાદ કલાક કાઢીને અવશ્ય કરવામાં આવે. પશુઓનું છાણ ગમે ત્યાં નાખી દેવામાં આવે છે. તેણે છાણાંના રૂપમાં બાળી દેવામાં આવે છે.

લોકોને આ અંગે જ્ઞાન આપવું જોઈએ. નાના ખાડા બનાવી તેમાં પશુઓનું છાણ ભેગું કરવું જોઈએ. કમ્પોસ્ટ વિધિથી એમાંથી ઉત્તમ ખાતર બનાવવું જોઈએ. તેનાથી આપણાં ખેતરોમાં સોનું પાકશે. છાણ ગામે ત્યાં પડી રહે છે. ઠેરઠેર કાદવકીચડ જોવા મળે છે. ગંદકી ભેગી કરવા માટે સ્થાન બનાવવું જોઈએ અને સ્વચ્છતા જાળવવી જોઈએ. શું આ સેવા નથી.?

એવા શૌચાલયો બનાવવા જોઈએ કે મનુષ્યનાં મળમૂત્ર ખેતીમાં કામ લાગે, તેનું ખાતર બને. આની સાથે સાથે એવું પણ થઈ શકે કે ગામડામાં જ્યારે માણસ શૌચ માટે જાય ત્યારે એક ખુરપી પણ સાથે લઈ જાય. ખરપીથી ખાડો ખોદી શૌચ કર્યા પછી તેના પર માટી વાળી દે. આમ કરવાથી ગંદકી તથા દુર્ગંધ નહિ ફેલાય અને બીજી બાજુ અત્યંત કીમતી ખાતર મળશે. આવા તો અનેક આંદોલન શરૂ કરી શકાય. એના માટે સો સુત્રી યોજના બનાવી છે. એમાં સામાજિક સેવાનાં સો કાર્યો વિશે જણાવ્યું છે. દરેક માણસને કામ આપવું, અપંગોને કામ આપવું, આવા તો અનેક કાર્યો છે. જો માણસના મનમાં સેવા કરવાની વૃત્તિ હોય તો શિક્ષણ, સફાઈ, ગૃહ ઉદ્યોગો, લોકશિક્ષણ, સંગીત વગેરે જેવાં ઢગલાબંધ રચનાત્મક કાર્યો કરવાનાં છે. જેમનામાં સેવાભાવના હોય તેઓ પોતાના થોડોક સમય આવા કાર્યો કરવામાં ગાળી શકે છે. સંપન્ન લોકો થોડાક પૈસા આપી શકે છે. જો લોકોનો થોડો થોડો સમય અને થોડું થોડું ધન મળવા લાગે તો એનાથી અનેક કાર્યો થઈ શકે. સડકો બનાવી શકાય, નહેરો બનાવીશ કાય, ગ્રામ પાઠશાળાઓ બનાવી શકાય, પંચાયત ભવનો બનાવી શકાય. આવા અનેક કાર્યો થઈ શકે, પણ ખૂબ દુખની વાત છે કે આપણે આપણો સમય નકામાં ગપ્પાં મારવામાં વેડફી નાખીએ છીએ. એ સમયનો આપણે જો યોગ્ય રીતે સદુપયોગ કરીએ તો આપણે પણ બીજા લોકોની જેમ મહાન કાર્યો કરી શકીએ છીએ. એ માટે આપણામાં સેવાની ભાવના જાગવી જોઈએ. માત્ર સરકાર દ્વારા થતાં કાર્યોથી કામ ચાલવાનું નથી. આપણે પોતે જ આપણા પગ પર ઉભા રહવું પડશે અને આપણી સેવાભાવના દ્વારા રાષ્ટ્રનું નવનિર્માણ કરવું પડશે.

..૧૫..

જેમણે જ્ઞાન મેળવ્યું છે, જેઓ ભણેલા છે તેમની કસોટી આ જ છે. એમના મનમાં સેવાની ભાવના જાગે અને જો તેઓ સેવાકાર્યો શરૂ કરે તો માનવું જોઈએ કે એમણે મેળવેલું જ્ઞાન સાર્થક છે. રામાયણ વાંચવું કે પ્રવચન કરવું સારું છે, પણ જો સેવાની ભાવના ના જાગેતો માનવું જોઈએ કે તેમનું જ્ઞાન પોપટિયું છે. બીજ તો વાવ્યું પણ કોઈ છોડ ના ઊગ્યો. આપણે આપણા જ્ઞાનને કર્મમાં અર્થાત્ સેવામાં વિકસિત કરવું જોઈએ. તો જ તે સાર્થક થશે.